# પેપ્સી ઈન્ડિયા દ્વારા સૌથી મોટી બ્લોકબસ્ટર 'ધ ગેમ'ની રજૂઆત

પેપ્સી ઈન્ડિયા દ્વારા સૌથી મોટી બ્લોકબસ્ટર 'ધ ગેમ'ની રજૂઆત કરવામાં આવી છે. પેપ્સીની ઈનોવેટિવ અને દર્શકોને સામેલ કરતી વી ગેમ્સ છે કે જેમાં ટીવી જાહેરાત દરમિયાન ગેમિંગનો આનંદ માણી શકાય છે. આ પાંચ અઠવાડિયાની રોમાંચક ગેમનો પ્રારંભ ૨૭મી માર્ચથી ટીઝર ફિલ્મ સાથે થશે. તમારા ફેવરિટ બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર અને સંજય દત્તને પ્રથમ વખત એક સાથે ચમકાવતી 'ધ ગેમ' આઈપીએલની આ સિઝનમાં યંગીસ્તાન માટે રોમાંચક પડકારનું વચન આપે છે. આ ગેમમાં દર્શકો ટેલિવિઝન જોતા જોતા રૂ.૫૦ લાખ જીતવાની તક મેળવી શકે છે. તો થઈ જાઓ યંગીસ્તાન કા વાઉ શો માટે તૈયાર.

ધ ગેમ કાલ્પનિક જગતના સેટ પર છે અને તમામ એક્શન કિલ્લામાં જોવા મળે છે, જેના માલિક ગેમ માસ્ટરની ભૂમિકા ભજવતા મૂળ ખલનાયક સંજયદત્ત છે. તે યંગીસ્તાન રણબીરને તેના કિલ્લામાંથી પેપ્સી મેળવવાનો પડકાર ફેંકે છે. રણબીર આ આકરા પડકારોનો સામનો કરે છે ત્યારે તમે યોગ્ય પસંદગી કરવા અને વિજેતા બનવા માટે તેને મદદ કરી શકો છો. રણબીર તેની પેપ્સીની નજીક હોય ત્યારે તમારા સાચા જવાબથી તમને ફન પ્રાઈઝ મળી શકે છે અને તેનાથી તમે રૂ.૫૦ લાખના આખરી રોકડ ઈનામની નજીક પહોંચી શકો છો.